Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# કાર્લમાર્કસનો સામ્યવાદ:સમાજવાદના પરિપ્રેક્ષ્યમાં

ડો.ગણેશ એસ.પ્રજાપતિ

**(રાજ્યશાસ્ત્ર) આર.આર.લાલન કૉલેજ ભૂજ-કચ્છ.**Mo:9428960330

*સારાંશ : -*

*સમાજવાદ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ઇટાલીમાં થયો પછી ફ્રેન્ચોએ તેને આગવા અર્થમાં અપનાવ્યો અને બ્રિટન, જર્મની, રશિયા તથા છેટવે ભારતમાં તેને વિવિધ વિચારકો અને રાજપુરૂષોએ પોત-પોતાની રીતે પ્રયોજ્યો છે. સમાજવાદના ખ્યાલ આસપાસ વિકસેલી વિચારધારાઓ કેટલીક બાબતોમાં એકસૂત્રમાં બંધાયેલી છે. પરિણામે સમાજવાદને એક વિચારસરણીઓના સમુહ અથવા સમાજવાદી વિચારધારાઓ એ રીતે ઘટાવી શકાય.સમાજવાદ તરીકે ઓળખી શકાય તેવા પ્રથમ જુથમાં સંત સાઇમન, રોબર્ટ ઓવન, ચાલ્સ કુર્ય,તેમજ અન્ય સાથીદારો જેમાં એક સમાજ બાબત સામાજિક વ્યવસ્થા ની હિમાયત કરવાની હતી એટલે કે રાજકીયના બદલે સામાજિક ઉકેલ અને સમાજને કેન્દ્રમાં રાખી રચાયેલી વ્યવસ્થાની હિમાયત કરતા હતા ટુંકમાં સમાજવાદનું લક્ષ્ય સંપત્તિની મહદઅંશ સમાન વહેંચણી, ઉત્પાદકોનું કેન્દ્રીકરણ, ગરીબી અને બેકારી સામે રક્ષણ, ખાનગી માલિકી અને તેના દ્વારા થતા પ્રજાના શોષણની નાબુદી આમ, મુડીવાદ અને શોષણખોર વ્યવસ્થાને નાશવંત કરવાનું હતુ.*

*ચાવીરૂપશબ્દો: સમાજવાદ, સામ્યવાદ, વૈજ્ઞાનિક સમાજવાદ, કાર્લમાર્કસ, મૂડીવાદ, રિપબ્લિક, માર્કસવાદ, દાસ કેપિટલ, વર્ગ-સંઘર્ષ.*

❖ સમાજવાદ નો ખ્યાલ:

સી.ઇ. એમ. જોડના મતે :-

"ઘણી વ્યક્તિઓના પહેરવાથી આકાર વગની બની ગયેલી ટોપી"

રામ્સે મ્યુરના મતે :-

"પરિવેશ મુજબ રંગ બદલતા કાચંડા" સાથે સરખાવે છે.

પ્રા.પીગુંના મતે :-

"ઉત્પાદનના સાધનો વ્યક્તિગત અધિકાર એટલે મૂડીવાદ અને આ સાધનો પર સામાજિક અધિકાર એટલે સમાજવાદ"

સમાજવાદના ઐતિહાસિક ખ્યાલ અંગેનું ચિંતન ૧૭મી સદીમાં 'લેવલર્સ' અને 'ડિગર્સ' થોમસ ગુરના ગ્રંથ 'યુટોપિયા' (સ્વપ્નલોક) પ્લેટોના ગ્રંથ 'રિપબ્લિક' માંથી શોધી શકાતુ હોવા છતા એક રાજકીય સિધ્ધાંત તરીકે સમાજવાદ એ ૧૯મી સદીના પ્રારંભની દેન છે. સમાજવાદના પ્રથમ તબકકાએ 'આદર્શ સમાજવાદ' અને બીજા તબકકાએ 'વૈજ્ઞાનિક સમાજવાદ' તરીકે ઓળખ મેળવી. તે ઉપરાંત ૨૦મી સદીના ઉત્તરાધમાં સમાજવાદે એટલી બધી લોકપ્રિયતા મેળવી જે સમાજવાદી તરીકે ઓળખાય છે.

❖ સમાજવાદનું હાર્દ વધુ ઊંડાણથી સમજવા માટે નીચે મુજબના તથ્યો.

- સમાજવાદ ખાનગી મૂડીને અંત લાવવા માંગે છે.
- સમાજવાદ સંપત્તિના ઉત્પાદન અને વિતરણના સાધનો પર સમાજનું નિયંત્રણ હોય તેવું સ્વીકારે છે.
- સમાજવાદ મૂડીવાદી પધ્ધતિ સાથે સંકળાયેલ શોષણને ખતમ કરવાનું ધ્યેય છે.પરંપરાગત મૂલ્યોના આધારે ઉચ્ચ નીચના વર્ગને બદલે આર્થિક સમાનતાથી સમાજની રચના આવકારે છે.
- દરેક શ્રમ કરે અને દરેકની જરૂરિયાત સંતોષાય તેવા સમાજની વ્યવસ્થા કરવા ઇચ્છે છે.

સમાજવાદની વિચારસરણીનો જુદા જુદા દર્ષ્ટિકોણ અભ્યાસ કરી તેના અલગ-અલગ પ્રકારો રજુ કરવામાં આવ્યા છે. જેમ કે ફેબિયન સમાજવાદ, શ્રેણી સમાજવાદ, સંઘવાદ અને લોકશાહી સમાજવાદ વગેરે.પરંતુ દરેકનો મધ્યસ્થ વિચાર એકજ છે.છતાં, દરેકની પધ્ધતિ અને કાર્યક્રમમાં અલગતા જોવા મળે છે.જે સમાજવાદના પ્રકારોની દ્રષ્ટિએ જોઇએ તો તેમાં અલગ-અલગ દ્રષ્ટિએ રાજય એ પ્રજાનું કલ્યાણ કરનારી સંસ્થા છે. રાજયના કાર્યક્ષેત્ર માં વધારો થવાથી સમાજનું અને સાથે-સાથે પ્રજાનું કલ્યાણ થાય છે. રાજય હંમેશા એવા જ કાર્ય હાથ ધરે છે. જેનાથી લોકોનો વિકાસ થાય, રાજય પોતે મુડીવાદી સંસ્થા હોવા છતા સમાજવાદ, રાજયના આરંભમાં વિશ્વાસ મુકી રાજયોના નાશ કરવાના બદલે તેમાં સુધારાઓ લાવવામાં માને છે

મુડીવાદનો વિરોધ કરે છે કેમ કે, મુડીવાદ ઉદ્યોગીકરણને મહત્વ આપે છે. પરિણામે ઉદ્યોગોનું પ્રમાણ વધવાથી રાજયને કાચા-માલની તેમજ તૈયાર થયેલા પાકા માલના વેચાણ માટે બજારની જરૂરિયાત ઉભી થાય છે. આ માટે બળવાન રાજય નબળા રાજ્યો ઉપર અને તૈયાર માલ વેંચાણ માટે એટલે કે બજાર બન્ને જરૂરિયાતો સંતોષે છે મુડીવાદમાં સમાજના વ્યકિત કરતા સમાજને વધુ પ્રાધાન્ય અપાય છે. એટલે કે તેના મતે વ્યકિત તો મહત્વની છે જ ! પરંતુ વ્યકિત સમાજને આધિન છે. સમાજના હિતોમાં જ વ્યકિતનું હિત સમાઇ જાય છે. એટલે કે વ્યકિતનું અંગત હિત એ સામાજિક હિત કરતા ગૌણ સ્થાન ધરાવે છે. સમાજવાદનો મુખ્ય વિચાર એ થોડીક વ્યકિતઓને લાભ થાય તેના કરતાં બધા લોકોનું હિત સધાય તેવો છે.સમાનતાનો આગ્રહ રાખે છે. જે સમાનતા એ 'સમાજવાદ' વિચારસરણીનો આત્મા ગણાય છે. માનવ ઇતિહાસ સાક્ષી છે. કે વ્યકિત-વ્યકિત વચ્ચેના ઊંચ-નીચના ભેદભાવથી જ સામાજિક–રાજકીય તેમના આર્થિક પરિસ્થિતિમાં ઘણું અંતર સર્જાય છે. તેથી સમાનતાની હિમાયત કરી વર્ગવિહીન સમાજ સ્થાપવા માંગે છે.

- માર્કસવાદ:

સૌપ્રથમ રશિયામાં ઇ.સ. 1917 માં લેનિન અને સ્ટાલને લોલ્શેવિક ક્રાંતિ કરી વિજય મેળવ્યો તેના મૂળમાં કાર્લમાર્કસ ના વિચારો જવાબદાર હતા. આ બંને નેતાઓએ માર્કસના વૈજ્ઞાનિક સમાજવાદને 'માર્કસવાદ' તરીકે ઓળખ આપી હતી.

કાર્લમાર્કસનો જન્મ **5 મે 1818માં પશ્ચિમ જર્મનીની રાઇન નદીને કાંઠે આવેલા ત્રિઅર** શહેરમાં થયો હતો. તેણે બર્લિન બોન અને જેના જેવા યુનિવર્સિટીમાં કાયદો, ઇતિહાસ અને તત્વજ્ઞાનનો અભ્યાસ કરી એપિક્યુરસ ભૌતિકવાદી ચિંતક એ વિષય ઉપર મહાનિબંધ લખી માર્કસે પી. એચ. ડી ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. કાર્લ માર્કસના વૈચારિક વિકાસનો સુર્દઢ પાયો નાંખવામાં પિતા હેનરિચ માર્કસ અને એન્જલ ને જવાબદાર ગણાવી શકાય.સમાજવાદના બીજા તબક્કામાં વૈજ્ઞાનિક સમાજવાદ તરીકે માર્કસવાદીની ઓળખ થઇ અને કાર્લ માર્કસને દુનિયાની વસ્તીના અડધાથી વધારે ભાગના લોકો દેવદૂત તરીકે માનતા અમૂક દેશોમાંતો ભાવનાત્મક પિતા તરીકે જાણીતા થયા માર્કસે પોતાના સમાજવાદ માટે ઇરાદાપૂર્વક સામ્યવાદ-શબ્દ પસંદ કર્યો. માર્કસે ભૌતિકવાદ ઉપર ભાર મુકી કહ્યું કે, તમે ગરીબ છો તે તમે કરેલ પાપ કે ઇશ્વરની ઇચ્છા કે. તમારૂં નસીબ નથી તમે ગરીબ છો તેનું કારણ આર્થિક અને રાજકીય પરિસ્થિતિ છે આ પરિસ્થિતિએ મૂડીવાદ છે.

સામ્યવાદનો અર્થ જોઇએ તો ઉત્પાદન વિતરણ અને વિનિમયનાં સાધનોની સહિયારી માલિકી પર આધારિત સમાજરચનાની હિમાયત સામ્યવાદી વિચારસરણીની ટૂંકી રૂપરેખા ઇ.સ. 1848માં કાર્લમાર્કસ અને તેના મિત્ર એન્જલ્સે લખેલા નાનકડા પુસ્તક 'સામ્યવાદી જાહેરનામા' દ્વારા રજૂ કરવામાં આવી હતી. સામ્યવાદને શબ્દિક અર્થમાં ચોક્કસ પણે એક પધ્ધતિસરનો સિધ્ધાંત છે એ એવા નિયમો સ્થાપે છે જેના દ્વારા મૂડીવાદને સમાજવાદમાં બદલી શકાય છે અને તેના બે આવશ્યક નિયમો છે. વર્ગસંઘર્ષ અને ક્રાંતિ જે શ્રમજીવીઓને બળપૂર્વક સત્તા અપાવે છે. ઇ.સ. 1867 માં તેમનો દાસ કેપિટલ નામનો ગ્રંથ પ્રસિધ્ધ થયો. તેને મૂડી તરીકે પણ ઓળખવામાં આવે છે આનું મહત્વ એટલું બધુ

હતુ કે તેને સામ્યવાદનું બાઇબલ ગણવામાં આવે છે.ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી પેદા થયેલી સામાજિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિઓને લક્ષમાં રાખી તેના પ્રત્યાઘાતરૂપે માર્કસે પોતાનું ચિંતન રજૂ કર્યું છે જે તેના સામ્યવાદને સમજવામાં ઉપયોગી સાબિત થાય છે માર્કસે પોતાના ચિંતનને સમજાવવા ચાર સિધ્ધાંતોની મદદ લીધી છે.

-દ્વંદાત્મક ભૌતિકવાદ

-અધિશેષ મૂલ્યનો સિધ્ધાંત

-ઇતિહાસનું ભૌતિક અર્થઘટન

-વર્ગ-વિગ્રહ

"માર્કસના મતે મૂડીવાદી પ્રથામાં તેના અંતના બીજ રહેલા છે. જેનાથી એક સૂત્ર રજૂ કરેલ છે. વિશ્વના કામદારો સંગઠીત થાઓ તમારે તમારી ગુલામીની ઝંઝિરો સિવાય કશુ જ ગુમાવવાનું નથી."

માર્કસના મતે બે વર્ગમાં વહેંચાઇ ગયો છે. (1) ગરીબ વર્ગ એટલે કે શ્રમજીવી-મજૂર વર્ગ (2) અમીર વર્ગ એટલે કે ઉત્પાદન-મૂડીવાદી વર્ગ પ્રાચીન સમયમાં માલિકો અને ગુલામો, મધ્યયુગમાં જમીનદારો-સામંતશાહી અને ખેતમજૂરો જ્યારે આધુનિક મૂડીવાદ સમાજમાં ઉદ્યોગપતિઓ-કારખાનેદારો અને કારખાના ના મજૂરો-કારીગરો, આ બંને વર્ગોમાં હંમેશા પોત-પોતાના હિતોના રક્ષણ માટે સતત સંઘર્ષો ચાલતા રહ્યા છે. એટલે ક્યારેય સમાજમાં કાયમી શાંતિ કે સલામતી સ્થાપી શકાયા નથી. જેથી ગરીબ વર્ગ વધુને વધુ ગરીબ જ્યારે અમીર વર્ગ વધુ ને વધુ અમીર બનતો જાય છે. માર્કસના ચિંતન પ્રમાણે મૂડીવાદી (અમીર વર્ગ) પ્રથામાં જ પોતાના અંતનાં બીજ રહેલા છે. માર્કસ પોતાના મુખ્ય ચાર સિધ્ધાંતો દ્વારા ગરીબવર્ગનું શોષણ અને શોષણ સામેનો ઉપાય તેમજ સમાજમાં કાયમી શાંતી અને સલામતી માટે ગરીબ વર્ગની સંખ્યા ઘણી વધારે હોવાથી ગરીબ વર્ગ જ શાસનનો હકકદાર છે. એવા વિચાર સાથે તેમની એકતા અને સંગઠનને પોતાની જીવનશૈલીમાં પરિવર્તનનો માર્ગ બતાવવા હાકલ કરે છે.

માર્કસ એવો સૌપ્રથમ ચિંતક હતો જેણે સમાજવાદ વિશે વૈજ્ઞાનિક સિધ્ધાંતના સ્વરૂપમાં રજૂઆત કરી તેની અગાઉની સમાજવાદી વિચારકો મોટે ભાગે કાલ્પનિક કે આદર્શવાદી હતા જેમના વિચારો વાસ્તવિક જીવનમાં અમલમાં મૂકવાથી ઘણી મુશ્કેલીઓ-ગુંચવડો ઊભી થતી પરંતુ, માર્કસે પોતાના સામ્યવાદી સિધ્ધાંતોને વ્યાવહારિક સ્વરૂપ આપી તેની મુશ્કેલીઓ તેમજ ઉકેલ વિશેનો માર્ગ સ્પષ્ટ કર્યો.એટલે કે સમાજવાદ સૌ-પ્રથમ વૈજ્ઞાનિક અને વ્યવહારીક સ્વરૂપની ભેટ મળી, પરિણામે સામ્યવાદ એ વૈજ્ઞાનિક સમાજવાદ તરીકે પણ ઓળખાય છે.

❖ સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવત:-

1.સમાજવાદ ઉત્પાદન અને વહેંચણીના સાધનો ઉપર ખાનગી અને સમાજ એટલે કે રાજયની માલિકી એમ બંને બાબતોનો સ્વીકાર કરે છે. જ્યારે સામ્યવાદ ઉત્પાદન અને વહેંચણીના સાધનો ઉપર માત્ર રાજ્યની જ માલિકી સ્વીકારે છે.

2.સમાજવાદ લોકોમાં કલ્યાણ માટે રાજ્યના કાર્યક્ષેત્રમાં વધારો કરી રાજ્યના અસ્તિત્વનો સારા અર્થમાં સ્વીકાર કરે છે. જ્યારે સામ્યવાદ વર્ગવિહીન સમાજની સ્થાપના કરવા માટે માત્ર વચગાળાના સમય પુરતું રાજ્યનો એક સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેનું છેવટનું ધ્યેય તો વર્ગવિહીન રાજ્યવિહીન સમાજની સ્થાપના કરવાનું છે.

3.સમાજવાદ – દરેકને તેની કાર્યશક્તિ પ્રમાણે વેતન મળવું જોઇએ.

2.સામ્યવાદ – સહુને શરૂમાં તેમના કામ પ્રમાણે વેતન આપવું જોઇએ,અંતે જરૂરીયાત પ્રમાણે વેતન આપવું જોઇએ.

4.સમાજવાદ પોતાના કાર્યક્રમનો અમલ કરવા શાંતિમય અને બંધારણી પધ્ધતિનો ઉપયોગ કરવામાં માને છે. સામ્યવાદ–પોતાના ધ્યેયોને સિધ્ધ કરવા છેવટના સાધન તરીકે ક્રાંતિ-હિંસાને માને છે.

5.સમાજવાદ રાજ્યના કાર્યોમાં વધારો કરી વ્યકિતની સ્વતંત્રતા અને છેવટે લોકકલ્યાણના કાર્યો કરવાની હિમાયત કરે છે. સામ્યવાદ–ખાનગી માલિકી નાબૂદ કરી તમામ કાર્યો રાજ્યને સોંપીને

સરકારને સત્તામાં વધારો કરીને વ્યક્તિ સ્વતંત્રતાની અવગણના કરે છે.

❖ સમાપન:

માર્કસવાદની વર્તમાન પ્રસ્તુતા ચોક્કસ સ્વીકાર્ય અને અસરકારક સાબિત થઇ છે. જેમ કે તેના વિચારોમાંથી પ્રેરણા મેળવી લોકશાહી દેશોએ કલ્યાણ રાજ્યના આદર્શ નીચે પગલા લીધા છે. સામૂહિક આયોજનનો ખ્યાલ પણ વત્તે-ઓછે અંશે સ્વીકાર્ય છે. શ્રમજીવીઓના – કામદારોના, રક્ષણ અને કલ્યાણ માટે વિશેષ કાયદા અને કોર્ટો બનાવી દુનિયાને સમજાવ્યો, માર્કસવાદ/સામ્યવાદના ઉદ્દભવને લીધે વિશ્વ સમક્ષ પ્રાચીનથી માંડીને વર્તમાન સુધી એક નવું ચિંતન અને દિશા પ્રાપ્ત થઇ.

સંદર્ભ સૂચિ:

1.પટેલ જયંતિ. કે :- આધુનિક રાજકીય વિચારધારાઓ

2.બર્નસ્ટાઇન : રાજનૈતિક સિધ્ધાંત વિચારો

3.કાર્લમાર્કસ : સામ્યવાદી જાહેરનામું

4.Thomas Norman : Democratic socialism :A New Appraisal-1953